


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 327
Dt.: 06-08-2025, Wednesday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


ઉત્તરાખંડ ફરી એકવાર કુદરતી આફત

# ઉત્તરકાશીના ધરાલી ગામમાં ખીર ગંગા વિસ્તારમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો

## મંગળવારે સવારે ઉત્તરકાશી જિલ્લાના ધરાલી ગામમાં ખીર ગંગા વિસ્તારમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દહેરાદુન

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં વાદળ ફાટવાથી તબાહીના સમાચાર સામે આવ્યા છેય છે. ધરાલી વિસ્તારમાં વાદળ ફાટવાથી પહાડો પરથી એટલું મોટું પૂર આવ્યું કે ઘરો, દુકાનો અને ઈમારતો બધું જ તણાયું. અનેક લોકો દટાયા હોવાની આશંકા છે.

ઉત્તરાખંડ ફરી એકવાર કુદરતી આફતની ઝપેટમાં આવી ગયું છે. મંગળવારે સવારે ઉત્તરકાશી જિલ્લાના ધરાલી ગામમાં ખીર ગંગા વિસ્તારમાં વાદળ ફાટવાથી ભારે વિનાશ થયો છે.

ભારે વરસાદ અને પૂરના કારણે ગામ ડૂબી ગયું, જેમાં અનેક ઘરો ધોવાયા છે અને ગંગોત્રી ધામનો જિલ્લા મુખ્યાલય સાથેનો સંપર્ક સંપૂર્ણપણે કપાઈ ગયો છે. રાહત અને બચાવ કામગીરી ચાલુ છે.

ઘટના પછી તરત જ **SDRF, NDRF,** સેના, પોલીસ અને મહેસૂલ વિભાગની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન વિભાગે પરિસ્થિતિને ખૂબ જ ગંભીર ગણાવી છે.

એવું કહેવામાં આવ્યું છે કે ઘણા લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા છે અને પાણીનું સ્તર હજુ પણ ખતરાના નિશાન પર છે.

ધરાલી ગામ નજીક ખીર ગઢ નાળામાં અચાનક પાણીનો પ્રવાહ એટલી ઝડપથી વહેવા લાગ્યો કે બજાર, ઘરો, દુકાનો, બધું જ તેની ઝપેટમાં આવી ગયું. સ્થાનિક લોકોમાં ભયનું વાતાવરણ છે અને ઘણા પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.

પીએમએ ટ્વીટ કરતા કહ્યું કે ઉત્તરકાશીના ધરાલીમાં થયેલી આ દુર્ઘટનાથી પ્રભાવિત લોકો પ્રત્યે હું સંવેદના વ્યક્ત કરું છું. હું તમામ પીડિતો જલ્દી સ્વસ્થ થાય તેની પ્રાર્થના કરુ છું.મેં મુખ્યમંત્રી પુષ્કર ધામીજી સાથે વાત કરીને પરિસ્થિતિ વિશે માહિતી મેળવી છે. રાજ્ય સરકારની દેખરેખ હેઠળ રાહત અને બચાવ ટીમો દરેક શક્ય પ્રયાસમાં રોકાયેલી છે. લોકોને મદદ કરવામાં કોઈ કસર છોડવામાં આવી રહી નથી. મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ આ ઘટના પર દૂખ વ્યક્ત કરતા દરેકની સલામતી માટે ભગવાનને પ્રાર્થના કરી છે. પ્રશાસન દ્વારા લોકોને નદીઓ અને નાળાઓ નજીક ન જવા અને સતર્ક રહેવાની અપીલ કરવામાં આવી છે. હર્ષિલ વિસ્તારમાં ખીર ગઢનું પાણીનું સ્તર હજુ પણ ઊંચું છે, જેના કારણે વધુ નુકસાન થવાની શક્યતા છે. ઉત્તરકાશી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વાદળ ફાટવાની અને ત્યારબાદ ભૂસ્ખલનની ઘટના અંગે હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. જિલ્લા વહીવટીતંત્રે કહ્યું છે કે આ નંબર દ્વારા તમે પ્રિયજનો સાથે વાત કરી શકો છો અને માહિતી મેળવી શકો છો. આ નંબરો ૦૧૩૭૪-૨૨૨૧૨૬, ૨૨૨૭૨૨, ૯૪૫૬૫૫૬૪૩૧ છે.



ઓપરેશન સિંદૂર અને ઓપરેશન મહાદેવ પર પ્રસ્તાવ પસાર

# NDA સસંદીય દળની બેઠકમાં PM મોદીને સન્માનિત કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

સંસદ ભવનમાં ભાજપના નેતૃત્વ હેઠળના **NDA** સંસદીય દળની આજે બેઠક થઈ છે. આ બેઠક સંસદ ભવનના ઓડિટોરિયમમાં થઈ. જ્યારે પીએમ મોદી બેઠકમાં પહોંચ્યા ત્યારે **NDA** સાંસદોએ 'હર હર મહાદેવ' અને 'ભારત માતા કી જય'ના નારા સાથે તેમનું સ્વાગત કર્યું. તેમજ ઓપરેશન સિંદૂરની સફળતા બદલ **NDA** સાંસદોએ પીએમ મોદીનું સન્માન કર્યું હતું અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પીએમ મોદીને હાર પહેરાવીને તેમનું સ્વાગત કર્યું. આ ઉપરાંત **NDA** સંસદીય પક્ષની બેઠક શરૂ થાય તે પહેલાં, પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ સાથે, ભારતીય સેનાનું શૌર્ય અને પાકિસ્તાને ભારત પર કરેલા હુમલાને દુનિયા સમક્ષ લાવવા માટે મોકલવામાં આવેલા પ્રતિનિધિમંડળની બહાદુરી પર એક પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.

**NDA** સંસદીય પક્ષની બેઠકમાં પસાર થયેલા પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે પહલગામ હુમલા માટે જવાબદાર 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' **(TRF)**ને અમેરિકા દ્વારા વિદેશી આતંકવાદી સંગઠન **(FTO)** અને ખાસ નિયુક્ત વૈશ્વિક આતંકવાદી **(SDGT)** જાહેર કરવામાં આવ્યું છે, અને પહલગામ હુમલાની નિંદા કરતો **BRICS** સમિટમાં સંયુક્ત ઘોષણાપત્ર જારી કરવામાં આવ્યો છે, જે પાકિસ્તાન દ્વારા તેની ધરતી પર ફેલાવવામાં આવી રહેલા આતંકવાદ સામે ભારતના રાજદ્વારી વલણની જીત દર્શાવે છે. **NDA**ની બેઠકમાં 'ઓપરેશન સિંદૂર' અને 'ઓપરેશન મહાદેવ' પર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. જેમાં પીએમ મોદી તેમજ ભારતીય સેનાને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા ૭ ઓગસ્ટથી શરૂ થવા જઈ રહી છે. **NDA** પાસે ઈલેક્ટોરલ કોલેજમાં સ્પષ્ટ બહુમતી હોવાથી, ઉપરાષ્ટ્રપતિ પદ માટે તેના ઉમેદવારની પસંદગી માત્ર ઔપચારિકતા બની ગઈ છે. ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનને ૨૧ ઓગસ્ટ સુધીમાં પોતાના ઉમેદવારની જાહેરાત કરવાની રહેશે, જે નામાંકન ભરવાની છેલ્લી તારીખ છે અને આ જ દિવસે સંસદનું ચોમાસું સત્ર પણ સમાપ્ત થઈ રહ્યું છે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન **(SIR)** પર ચર્ચા કરવાની વિપક્ષની માંગને કારણે સંસદની કાર્યવાહીમાં વારંવાર ખેદ પડી રહ્યો છે. વિપક્ષે **SIR** પ્રક્રિયા પાછી ખેંચવાની પણ માંગ કરી છે. સોમવારે, વિપક્ષી સાંસદોના સતત વિરોધના કારણે લોકસભામાં રાષ્ટ્રીય રમતગમત વહીવટ બિલ, ૨૦૨૫ અને રાષ્ટ્રીય ડોપિંગ વિરોધી (સુધારા) બિલ, ૨૦૨૫ પર ચર્ચા થઈ શકી ન હતી.

બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા બેઠક યોજાશે

# ભારતીય વાયુસેના અને નૌકાદળ બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા માટે મોટો ઑર્ડર આપવાની તૈયારીમાં

## ઓપરેશન સિંદૂરમાં બ્રહ્મોસ મિસાઈલે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી અને પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર વખતે બ્રહ્મોસ મિસાઈલનો ઉપયોગ કરી પાકિસ્તાનની કમર તોડી નાખી હતી. હવે એવા અહેવાલ સામે આવ્યા છે કે, ભારતીય વાયુસેના અને નૌકાદળ બ્રહ્મોસ મિસાઈલ ખરીદવા માટે મોટો ઑર્ડર આપવાની તૈયારીમાં છે. ઓપરેશન સિંદૂરમાં બ્રહ્મોસ મિસાઈલે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી અને પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાઓને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. ટોચના સંરક્ષણ નિષ્ણાતે સમાચાર એજન્સી એએનઆઈને કહ્યું કે, 'બ્રહ્મોસ મિસાઈલની ખરીદી કરવા અને મંજૂરી માટે ટૂંક સમયમાં સંરક્ષણ મંત્રાલયની એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાશે. આ મિસાઈલની ખરીદી ભારતીય વાયુસેનાના જહાજો અને નૌકાદળના ફાઈટર જેટ માટે કરવામાં આવશે. વાયુસેના વીર-ક્લાસ યુદ્ધમાં, જ્યારે નૌકાદળ **SU**-૩૦ **MKI** ફાઈટર જેટમાં મિસાઈલ તહેનાત કરશે. બ્રહ્મોસ મિસાઈલ એ ભારત અને રશિયા દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલી એક અત્યાધુનિક સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે, જેને વિશ્વની સૌથી ઘાતક અને ઝડપી મિસાઈલમાંની એક ગણવામાં આવે છે. 'બ્રહ્મોસ' નામ ભારતની બ્રહ્મપુત્રા નદી અને રશિયાની મોસ્કવા નદીના નામોને જોડીને બનાવવામાં આવ્યું છે. આ મિસાઈલનું નિર્માણ ભારતની **DRDO** (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન) અને રશિયાની **NPOM**(એનપીઓ માશિનોસ્ટ્રોયેનિયા)ના સંયુક્ત સાહસ દ્વારા કરવામાં આવ્યું છે. આ મિસાઈલ અવાજની ગતિ કરતાં લગભગ ૨.૮થી ૩ ગણી (લગભગ ૩,૪૦૦ કિલોમીટર પ્રતિ કલાક) ઝડપે ઉડે છે, તેની સુપરસોનિક ગતિને કારણે દુશ્મન માટે તેને રોકવી લગભગ અશક્ય બની જાય છે. બ્રહ્મોસની મૂળ રેન્જ ૨૯૦ કિલોમીટર હતી. જોકે, ભારત મિસાઈલ ટૅક્નોલૉજી કંટ્રોલ રેજિમ**(MTCR)**નું સભ્ય બન્યા બાદ, તેની રેન્જ વધારીને ૪૫૦ કિલોમીટર અને પછી ૮૦૦ કિલોમીટર સુધી કરવામાં આવી છે. બ્રહ્મોસને કોઈપણ પ્લેટફોર્મ પરથી લોન્ચ કરી શકાય છે, જે તેને અત્યંત બહુમુખી બનાવે છે. તેને મોબાઈલ લોન્ચર પરથી, યુદ્ધ જહાજો, સબમરીન પરથી, સુખોઈ-૩૦**MKI** જેવા ફાઈટર જેટ વિમાનો પરથી લોન્ચ કરી શકાય છે. આ મિસાઈલ 'ફાયર એન્ડ ફોરગેટ'ના સિદ્ધાંત પર કાર્ય કરે છે, એટલે કે લોન્ચ થયા બાદ તેને કોઈ માર્ગદર્શનની જરૂર પડતી નથી અને તે તેના લક્ષ્યને ચોક્કસપણે નષ્ટ કરે છે. બ્રહ્મોસ નેક્સ્ટ જનરેશન વધુ નાનું, હળવું અને સ્ટીલ્થી વર્ઝન છે, જેનો ઉપયોગ નાના યુદ્ધ વિમાનો અને સબમરીનમાંથી પણ કરી શકાય છે. તેના પરીક્ષણો ૨૦૨૫ના અંતમાં શરુ થવાની સંભાવના છે. ભારત અને રશિયા બ્રહ્મોસનું હાઈપરસોનિક વર્ઝન વિકસાવી રહ્યા છે, જે અવાજની ગતિથી ૭થી ૮ ગણી (લગભગ ૧૧,૦૦૦ કિલોમીટર પ્રતિ કલાક) વધુ ઝડપે ઉડાન ભરશે. આ ટૅક્નોલૉજી યુદ્ધની રણનીતિમાં ક્રાંતિ લાવશે. બ્રહ્મોસ મિસાઈલે ભારતીય સશસ્ત્ર દળોની તાકાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે અને ભારતની સંરક્ષણ ક્ષમતાનું એક અભિન્ન અંગ બની ગઈ છે.

# લાલ કિલ્લામાં ઘૂસવાનો પ્રયાસ કરતાં ૫ બાંગ્લાદેશીની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

દિલ્હી પોલીસે ૧૫મી ઓગસ્ટ પહેલા લાલ કિલ્લા પરિસરમાં બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા પાંચ બાંગ્લાદેશીઓની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, આ પાંચ બાંગ્લાદેશીઓ સોમવારે (ચોથી ઓગસ્ટ) લાલ કિલ્લા પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ દરમિયાન સુરક્ષા માટે તહેનાત પોલીસકર્મીઓને શંકા ગઈ, ત્યારે તે બધાને કસ્ટડીમાં લેવામાં આવ્યા. અહેવાલો અનુસાર, લાલ કિલ્લા પરિસરમાં બળજબરીથી પ્રવેશવા કરી રહેલા પાંચેય શખસો બાંગ્લાદેશના છે અને ગેરકાયદે ઈમિગ્રન્ટ છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ બધા ૨૦થી ૨૫ વર્ષની વયના છે અને દિલ્હીમાં મજૂરી કામ કરે છે. પોલીસે તેમની પાસેથી બાંગ્લાદેશના કેટલાક દસ્તાવેજો જપ્ત કર્યા છે. હાલમાં તેની પૂછપરછ કરવામાં આવી રહી છે અને તે લાલ કિલ્લા પરિસરમાં કેમ પ્રવેશ કરી રહ્યા હતા અને તેમનો હેતુ શું હતો તે જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ૧૫મી ઓગસ્ટને લઈને લાલ કિલ્લા સંકુલમાં સુરક્ષા ખૂબ જ કડક છે. આ માટે અનેક પ્રકારની કવાયત પણ કરવામાં આવી રહી છે. ૧૫મી ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લાના પ્રાચીર પરથી દેશને સંબોધન કરે છે. જેથી ઓગસ્ટ મહિનો શરૂ થતાં જ અહીં અનેક સ્તરોની સુરક્ષા ગોઠવી દેવામાં આવે છે. જો આ સુરક્ષામાં કોઈ ક્ષતિ જોવા મળે છે, તો જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે છે. જેથી પોલીસે લાલ કિલ્લામાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહેલા આ યુવાનોની તાત્કાલિક ધરપકડ કરી હતી. બાંગ્લાદેશી નાગરિકોની ઘૂસણખોરીના આ કેસની સાથે લાલ કિલ્લાની સુરક્ષામાં ચૂકને લઈને મોટી કાર્યવાહી કરાઈ હતી. ૧૫મી ઓગસ્ટ માટે લાલ કિલ્લામાં દરરોજ અલગ અલગ સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવે છે, જેમાં સુરક્ષા વ્યવસ્થા કેટલી મજબૂત છે તે જોવામાં આવે છે. આ દરમિયાન જ્યારે સ્પેશિયલ સેલની ટીમ સિવિલ ડ્રેસમાં પહોંચી, તેમની બેગમાં એક ડમી બોમ્બ રાખ્યો અને અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેઓ આમ કરવામાં સફળ રહ્યા. લાલ કિલ્લાની સુરક્ષામાં આ એક મોટી ભૂલ હતી, તેથી જ આ માટે જવાબદાર ૭ પોલીસકર્મીઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.




# ન્યુક્લિયર સબમરીનની ધમકી મામલે રશિયાની ટ્રમ્પને ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયાની નજીકના વિસ્તારોમાં બે પરમાણુ સબમરીન તહેનાત કરવાનો આદેશ આપ્યો હતો. હવે રશિયાએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું કે, 'ટ્રમ્પના નિવેદનો પહેલા જ અમેરિકાની સબમરીન ફરજ પર હતી. અમારું માનવું છે કે, દરેક વ્યક્તિએ પરમાણુ સંબંધિત સાચવીને બોલવું જોઈએ.'

અમેરિકા અને રશિયા વચ્ચે વિવાદ ક્યાંથી શરૂ થયો?

અહેવાલો અનુસાર, અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફ અને વધારાનો દંડ લાદવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે 'ભારત પર દંડ એટલા માટે લાદવામાં આવ્યો છે કારણ કે તે સતત રશિયા પાસેથી લશ્કરી સાધનો ખરીદી રહ્યું છે.' આ દરમિયાન ટ્રમ્પે રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું, 'રશિયાના નિષ્ફળ પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવ હજુ પણ માને છે કે તે રશિયાના પ્રમુખ છે. તે જે બોલે છે તેનાથી સાવધાની રાખવી જોઈએ. તે ખૂબ જ ખતરનાક ક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છે.'

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જવાબ આપતા રશિયાના પૂર્વ પ્રમુખ દિમિત્રી મેદવેદેવે કહ્યું કે, 'ટ્રમ્પના દરેક નવા અલ્ટીમેટમથી રશિયા અને અમેરિકા વચ્ચે યુદ્ધનું જોખમ વધારી શકે છે.' ત્યારબાદ ટ્રમ્પે રશિયાની નજીકના વિસ્તારોમાં બે પરમાણુ સબમરીન તહેનાત કરવાનો આદેશ આપ્યો હતી.

હવે ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવેની પ્રતિક્રિયા સામે આવી છે. મીડિયા સાથે વાતચીત દરમિયાન જ્યારે દિમિત્રી પેસ્કોવેને પૂછવામાં આવ્યું કે શું ક્રેમલિનએ પૂર્વ પ્રમુખ મેદવેદેવને ટ્રમ્પ સાથેની તેમની ઓનલાઈન વાતચીતમાં સંયમ રાખવાની સલાહ આપી હતી? ત્યારે પેસ્કોવે સીધો જવાબ આપવાનો ઈનકાર કર્યો. અમેરિકા પાસે કેટલી અને કયા પ્રકારની પરમાણુ સબમરીન છે?

● શિપ સબમર્સિબલ બેલિસ્ટિક ન્યુક્લિયર (**SSBN**) - આ સબમરીન પરમાણુ હથિયારોથી સજ્જ છે અને વ્યૂહાત્મક રીતે દુશ્મનને ડરાવવાનું કામ કરે છે.

● સબમર્સિબલ શિપ ન્યુક્લિયર(**SSN**) - આ હાઈ-સ્પીડ સબમરીન દુશ્મન જહાજો અને અન્ય સબમરીનનો ખાતમો કરવા માટે બનાવવામાં આવી છે.

● સબમર્સિબલ શિપ ગાઈડેડ ન્યુક્લિયર (**SSGN**) - આમાં લાંબા અંતરની મિસાઈલો છે, જે દૂરથી કોઈપણ લક્ષ્યને નિશાન બનાવી શકે છે.

# મધ્ય પ્રદેશના સીહોરમાં આવેલા કુબેરેશ્વર ધામમાં નાસભાગ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મધ્ય પ્રદેશ

મધ્ય પ્રદેશના સીહોરમાં આવેલા કુબેરેશ્વર ધામમાં નાસભાગ થઈ છે. જેમાં બે મહિલાઓના મોત થયા છે. અને ૧૨ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા છે. કાવડિયાઓની ભીડ વધી જતા ધક્કા-મુક્કી થઈ હતી. અને ભીડ બેકાબૂ થતા આ નાસભાગ સર્જાઇ હતી. ઘાયલોને હૉસ્પિટલ ખસેડાયા છે. અને પોલીસે તપાસ શરુ કરી છે. મૃત મહિલાઓની ઉંમર ૫૦ વર્ષની આસપાસ દર્શાવવામાં આવી છે. શ્રાવણ મહિનામાં કાવડિયાઓ શિવ ભક્તિમાં લીન હોય છે. ત્યારે મધ્ય પ્રદેશના સીહોરમાં આવેલા કુબેરેશ્વર ધામમાં મોટી સંખ્યામાં શિવ ભક્તો જોવા મળે છે. અહીં કાવડ યાત્રાનું પણ ઘણુ મહત્ત્વ છે. આ કાવડ યાત્રા દરમિયાન નાસભાગ સર્જાઇ હતી. અને બે મહિલાઓએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આ ઉપરાંત ૧૨ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અહીં તેમની સારવાર શરુ કરાઇ છે.

